





(તસવીર : ઝફર ગડીમલ)

ભરૂચના ટંકારીઆ ગામે કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સફાઇના વાહનો અપાયા હતા.

# ભરૂચના ટંકારીઆ ગામે કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સફાઈના વાહનો અપાયા

## પ્રધાનમંત્રીના સ્વચ્છતા અભિયાન મિશનને સાર્થક કરવા આગળ વધતુ કેપી ગ્રુપ

**ધબકાર પ્રતિનિધિ, વાગરા, તા. ૨૨**

ભરૂચના ટંકારીઆ ગામે કે.પી. હ્યુમન ડેવલપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા અપાયેલ સફાઈના વાહનોનું લોકાર્પણ અને સન્માન કાર્યક્રમ યોજાયો હતો. સફાઈના સાધનો ટ્રેક્ટર, ટ્રેલર અને ટેમ્પોનું ફારૂકભાઇ કેપીના હસ્તે રિબન કાપી સેવામાં અર્પણ કરાયા હતા.

આ પ્રસંગે કે.પી. હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશનના ચીફ મેનેજીંગ ડાયરેક્ટર ફારૂકભાઇ પટેલ (કે.પી.)એ જણાવ્યું હતું કે, કેપી હ્યુમન ડેવલોપમેન્ટ ફાઉન્ડેશન દ્વારા સતત સમાજનું ધારાધોરણ ઊંચુ લાવવાનો પ્રયાસો થઇ રહ્યા છે. પ્રધાન મંત્રીના સ્વચ્છતા અભિયાનને વેગ મળે એ હેતુસર સંસ્થા દ્વારા ટંકારીયા ગ્રામ પંચાયતને લાખો રૂપિયાના સફાઈના સાધનો અપાયા છે. આ પ્રસંગે સરપંચ ઝાકિરભાઇ ઉમટા તેમજ તાલુકા સભ્ય અબ્દુલભાઇએ ફારૂકભાઈનું શાલ ઓઢાડી, મોમેન્ટો અને સન્માનપત્ર આપી બહુમાન કર્યું હતુ. મહાનુભાવોના હસ્તે ટંકારીઆ ગામના મેડિકલ, શૈક્ષણિક, સમાજસેવા, સાહિત્ય ક્ષેત્રના તેજસ્વી તારલાઓને સન્માન પત્ર તથા મેડલ આપવામાં આવ્યા હતા.

ફારૂકભાઈએ વિશેષમાં જણાવ્યુ હતું કે, વહોરા પટેલ સમાજના યુવાનોએ આઇ.એ.એસ. તથા આઇ.પી.એસ. બનવા પર ધ્યાન કેન્દ્રીત કરવુ જોઈએ. જેથી દેશની સેવા સારી રીતે કરી શકાય. ટંકારીઆ ગામને જયારે સમાજલક્ષી સેવાઓની જરૂર પડશે ત્યારે કે.પી. ગ્રુપ હર હંમેશ પડખે ઉભુ રહેશે. સન્માન સમારોહમાં ઉપસ્થિત સાહિત્યકાર અને ગુજરાત ટુડેના સંપાદક અઝીઝ ટંકારવીએ જણાવ્યુ હતુ કે, જે સમાજ પોતાના ગૌરવવંતા ઇતિહાસને ભૂલી જાય છે,સમય જતા તેનું અસ્તિત્વ ખતમ થઇ જાય છે. આ કાર્યક્રમમાં સુરતના સલીમભાઇ ઘડિયાળી, સામાજિક અગ્રણી સુલેમાનભાઇ, ગ્રામ પંચાયતના સભ્યો અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.